## મધની ગુણવત્તા માટે બનાસનું વધુ એક કદમ

# બનાસ સંકુલ, બાદરપુરા ખાતે રાજ્યની સૌ પ્રથમ આધુનિક મધ લેબ થઈ કાર્યરત




પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



બનાસની ધરતીનો
# ધબકાર

અંકઃ ૫ | મે-૨૦૨૩
www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**ગૌરવની મીઠી વાતઃ**
**બનાસ ડેરીએ સ્વીટક્રાંતિમાં કરેલાં કાર્યોને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બિરદાવ્યાં**


**નીતિ, નિયત અને નેતૃત્વનું મીઠું પરિણામઃ**
**એક જ મહિનામાં બનાસ ડેરીએ કર્યા વિકાસનાં ત્રણ અદ્દભુત કાર્યો**

**બનાસ ડેરીનો નવો પ્લાન્ટ વારાણસીને વિકાસના મોડલમાં રૂપાંતરિત કરશેઃ**
**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**



# વારાણસી ખાતે નિર્માણાધીન બનાસ ડેરીના પ્લાન્ટની ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ લીધી મુલાકાત

**બનાસ ડેરીનો નવો પ્લાન્ટ વારાણસીને વિકાસના મોડલમાં રૂપાંતરિત કરશેઃ**
**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**



બનાસ ડેરી સહકારી ભાવના સાથે લાખો ખેડૂતો અને પશુપાલકોને જોડીને સર્વાંગી સુખાકારી માટે સતત કાર્યરત છે ત્યારે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં ૩૦ એકર જમીનમાં ડેરીનો નવો પ્લાન્ટ સ્થાપવાનું કામ શરૂ કર્યું છે ત્યારે ૨૬ મે, ૨૦૨૩ના રોજ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વારાણસી ખાતે ડેરીના નિર્માણાધીન પ્લાન્ટની મુલાકાત કરીને કાર્યપ્રગતિની માહિતી મેળવી હતી તેમજ પ્લાન્ટની ચાલુ કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો આપ્યાં હતાં. આ પ્લાન્ટની દૂધ પ્રોસેસિંગ ક્ષમતા ૫ લાખ લિટર પ્રતિદિવસ છે તેમજ અહીયાં દૂધ, દહીં, પનીર, લસ્સી, આઈસક્રીમ અને મીઠાઈનું પણ ઉત્પાદન થશે.

ઉલ્લેખનીય છે કે વારાણસી ખાતે નિર્માણાધીન બનાસ ડેરીના પ્લાન્ટનું ખાતમુહૂર્ત ૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ મોદીજીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. વારાણસીમાં પ્લાન્ટનું નિર્માણ થવાથી ત્યાંના જૌનપુર, મછલીશહર, ચંદૌલી, ભદોહી, ગાઝીપુર, મીરજાપુર અને આઝમગઢનાં ૧૦૦૦ ગામોના લગભગ ૧ લાખ કરતાં વધુ ખેડૂતો અને પશુપાલકોને દૂધ ઉત્પાદનના વ્યવસાયથી ફાયદો થશે તથા રોજગારના નવા અવસર યુવાઓને પ્રાપ્ત થશે, જે પ્રદેશની આવક અને સર્વાંગી વિકાસનો સ્રોત બનશે. વારાણસી ઝડપી વિકાસના મોડલમાં રૂપાંતરિત થઈ રહ્યું છે. બનાસ ડેરીનો આ નવો પ્લાન્ટ અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું માર્ગદર્શન વારાણસીના લોકોના જીવનમાં અભૂતપૂર્વ સરળતા, સગવડો અને સુવિધાઓ લાવશે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વારાણસી ખાતે નિર્માણ પામનાર પ્લાન્ટની મુલાકાત લીધા બાદ જણાવ્યું હતું કે છેલ્લાં ૭-૮ વર્ષમાં બનાસ ડેરી સ્થાનિક સમુદાયો, ગુજરાત બહારના સમુદાયો, ખાસ કરીને ખેડૂતો, પશુપાલકો અને મહિલાઓને સશક્ત બનાવવાનું કેન્દ્ર બની ગયું છે. ઉત્તરપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ઓડિશા, આંધ્રપ્રદેશ અને ઝારખંડ જેવાં રાજ્યોમાં બનાસ ડેરીએ પોતાની શાખાઓ શરૂ કરીને ખેડૂતો અને પશુપાલક સમુદાયને મદદ કરી રહી છે. સહકારી વિચારધારાના વિસ્તરણથી દેશના ખેડૂતો-પશુપાલકો સમૃદ્ધ બને તથા તેમની આવક વધે તે માટે બનાસ ડેરી સતત પ્રયત્નશીલ છે.







# ઊર્જા ક્ષેત્રે શ્રેષ્ઠ ઉદાહરણઃ બનાસ ડેરીએ સૌર ઊર્જા થકી રૂ. ૧૩.૪૫ કરોડની બચત કરી



છેલ્લા કેટલાક દાયકાઓમાં ટકાઉ ઊર્જાની જરૂરિયાતના કારણે વિવિધ સ્ત્રોતોમાં વધારો થયો છે અને પર્યાવરણીય સમસ્યાઓ પર વધુ ઝુંબેશ સાથે, જેમ કે સંસાધનોનો અવક્ષય, નવીનીકરણીય ઊર્જા પર નવું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે ત્યારે આજના આધુનિક યુગમાં સૌર ઊર્જા એક મહત્ત્વપૂર્ણ વિકલ્પ તરીકે ઊભરી આવી છે. બનાસ ડેરીએ ૧૧.૯૦ કરોડના ખર્ચે પાલનપુર, લખનૌ, ફરીદાબાદ અને કાનપુરના પ્લાન્ટ સોલર પેનલ લગાવીને વીજળીના વપરાશમાં મે-૨૦૧૮થી આજ સુધીમાં રૂ. ૧૩.૪૫ કરોડની બચત કરી છે. બનાસ ડેરી પુનઃપ્રાપ્ત ઊર્જા ક્ષેત્રમાં પોતાનો અમૂલ્ય ફાળો આપવાના અભિગમ સાથે સૌર ઊર્જા ક્ષેત્રમાં વિશેષ ધ્યાન આપે છે તેમજ દેશમાં ક્યારેય પૂર્ણ ન થનાર ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહિત કરે છે.

બનાસ ડેરી વિશાળ સંસ્થા છે, જેમાં દૈનિક મોટા પ્રમાણમાં વીજળીનો વપરાશ થતો હતો, સાથે એની પાછળ પણ કરોડોનો ખર્ચ થતો હતો. ભવિષ્યની માગને ધ્યાનમાં રાખીને સૌર ઊર્જાને સ્વીકારી બનાસ ડેરીએ ના માત્ર વીજળી બચાવી, પરંતુ પ્રકૃતિની ચિંતા કરી, વીજળી પાછળ થતા મોટા ખર્ચને ઘટાડી તેનો ફાયદો ખેડૂતોને આપ્યો અને કુદરતી ઊર્જાનો ઉપયોગ કરીને પ્રકૃતિ સંરક્ષણનો સંદેશો આપ્યો છે. સોલર પેનલ સૌર ઊર્જા પર આધાર રાખે છે, જે ઊર્જાના નવીનીકરણીય અને પર્યાવરણને અનુકૂળ સ્ત્રોત છે. સોલર પેનલ આપણી ઊર્જાની માગ પૂરી કરતી વખતે કોઈ પણ પ્રકારના ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન કરતી નથી. તેઓ લાંબા ગાળે ખર્ચ-અસરકારક પણ છે. ઉપરાંત, સોલર પેનલ્સમાંથી મેળવેલી ઊર્જાને બેટરીમાં સંગ્રહિત કરી શકાય છે અને જ્યારે સૂર્યપ્રકાશ ન હોય ત્યારે તેનો ઉપયોગ કરી શકાય છે. સોલર પેનલ ખૂબ ટકાઉ હોય છે અને આશરે ૨૫ વર્ષ સુધી સેવા આપી શકે છે. ઊર્જાના અન્ય સ્ત્રોતોની સરખામણીમાં આ ખૂબ લાંબું છે.

ભવિષ્યની માગને ધ્યાનમાં રાખીને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સૌર ઊર્જાનો વપરાશ વધુ કરવાનું જણાવેલ છે. આગામી સમયમાં બનાસ સંકુલમાં સોલર ઊર્જાનો ઉપયોગ કરવાનું આયોજન કરેલ છે. તેમનું કહેવું છે કે વીજળી પાછળ થતા ખર્ચને ઘટાડીને મોટી રકમની બચત કરવી જરૂરી છે, જે થકી ખેડૂતો અને પશુપાલકોને વધુ ફાયદો આપી શકાય. માત્ર ૫ વર્ષના સમયગાળાની અંદર જ બનાસ ડેરીએ કરોડો રૂપિયાની બચત કરી છે.



# નીતિ, નિયત અને નેતૃત્વનું પરિણામ એક જ મહિનામાં વિકાસનાં ત્રણ અદ્‌ભુત કાર્યો

## બનાસ સંકુલ, સણાદર (દિયોદર) ખાતે આઈસક્રીમ પ્લાન્ટ થયો કાર્યરત



કાળઝાળ ગરમીમાં ઠંડક અને જીભને ગમતો સ્વાદ આપતા સૌના ફેવરિટ અમૂલ આઈસક્રીમની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે.

## થરાદ તાલુકાના રાહ ગામે ઉમંગ મોલનો શુભારંભ

ગ્રામજનોને ઘરઆંગણે જ શ્રેષ્ઠ ગુણવત્તાવાળી જીવન જરૂરિયાતની વસ્તુઓ સસ્તા ભાવે આપવાના ઉમદા અભિગમ સાથે બનાસ ડેરી દ્વારા થરાદ તાલુકાના રાહ ગામે નવનિર્મિત ઉમંગ મોલનો ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો.



## બનાસમાં રાજ્યની સૌપ્રથમ આધુનિક મધ લેબનું લોકાર્પણ



બનાસ સંકુલ, બાદરપુરા ખાતે રૂ. ૧.૦૦ કરોડના ખર્ચથી નવનિર્મિત રાજ્યની સૌપ્રથમ આધુનિક મધ લેબનું ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. શ્વેતક્રાંતિનો રેકોર્ડ સ્થાપિત કર્યા પછી હવે બનાસ પશુપાલકો મીઠી ક્રાંતિમાં પણ રેકોર્ડ સર્જવા માટે સજ્જ છે, જેમાં આ મધ લેબ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવશે.

# મધમાખી દિવસની ઉજવણી

## બનાસ સંકુલ, બાદરપુરા ખાતે રાજ્યની સૌપ્રથમ મધ લેબનું લોકાર્પણ




## કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રીશ્રી નરેન્દ્રસિંહ તોમરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ સાથે અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ લોકાર્પણ કર્યું

### દૂધની જેમ મધમાખી ઉછેર બનાસકાંઠામાં નવી રોજગારીની તકોનું નિર્માણ કરશે : અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી



મધમાખી દિવસની ઉજવણી નિમિત્તે બનાસ ડેરી, NBB અને રાષ્ટ્રીય મધ બોર્ડના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બાદરપુરા બનાસ સંકુલ ખાતે રૂ.૧.૦૦ કરોડના ખર્ચથી નિર્મિત રાજ્યની સૌપ્રથમ મધ લેબનું વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

બનાસ ડેરીના બાદરપુરા સંકુલ ખાતે આજે યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લામાંથી મધમાખીનો ઉછેર કરી મધ ઉત્પાદન કરતા ખેડૂતો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ખેડૂતોએ વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સાથે સીધી વાત કરી હતી તેમજ તેમને મધમાખી ઉછેર સમયે પડતી મુશ્કેલીઓ તેમજ તેમણે કરેલા આ વ્યવસાય થકી તેમના જીવનમાં થયેલા પરિવર્તનના અનુભવો વ્યક્ત કર્યા હતા.

આ પ્રસંગે બાદરપુરા ખાતે વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બનાસના પશુપાલકોની આવક વધારવા માટે વધુમાં વધુ પશુપાલકો ને મધમાખી પાલનના વ્યવસાયમાં જોડવા જરૂરી છે, એમાં મહિલાઓની ભાગીદારી વિશેષ હોય તો આ વ્યવસાયને વધુ આગળ લઈ જઈ શકાય છે. બનાસ ડેરીમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૮ ટન મધની આવક થઇ છે. ગુણવત્તાયુક્ત મધના ઉત્પાદન થકી બનાસ સમગ્ર રાજ્ય અને દેશમાં અગ્રેસર બને તેવી સ્થિતિનું નિર્માણ કરવું છે, જેથી બનાસકાંઠાના લોકોને રોજગારી મળશે. રૂ. ૧ કરોડના ખર્ચથી નિર્માણ પામેલ બનાસ મધ ટેસ્ટિંગ લેબોરેટરીમાં સમગ્ર ગુજરાતના લોકો મધનું ટેસ્ટિંગ કરાવી શકશે.

તેમણે મધમાખી પાલનના વ્યવસાય સાથે જોડાયેલા ખેડૂતોને મધમાખી ઉછેરના બોક્સથી લઈ તમામ બાબતે સહકાર આપવાની ખાતરી આપી હતી. દૂધની જેમ સહકાર થકી મધમાખી ઉછેરમાં પણ બનાસ અગ્રેસર બને તેવો મક્કમ નિર્ધાર બનાસ ડેરીએ કર્યો છે. આ પ્રસંગે બનાસ ડેરીના વાઇસ ચેરમેન શ્રી ભાવાભાઇ રબારી, એમ.ડી. શ્રી સંગ્રામસિંહ ચૌધરી, બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ અને મધમાખી પાલકો ઉપસ્થિત રહ્યા હતા.

પશુપાલન થકી શ્વેતક્રાંતિનું સર્જન કર્યું અને હવે બનાસકાંઠાના ખેડૂતો મધમાખીના ઉછેર થકી મીઠીક્રાંતિનું સર્જન કરી સમૃદ્ધિને ભેટી રહ્યા છે. ખેડૂતમિત્રો, મધમાખી પાલનખેતીમાં એક પૂરક વ્યવસાય તરીકે એક સારું આવકનું સાધન છે. મધમાખી ખેતીમાં એક અગત્યનો ભાગ ભજવે છે, જેથી કરીને ખેડૂતો મધમાખી પાલન દ્વારા વધુ આવકની સાથે-સાથે ઉત્પાદન પણ વધારી શકે છે.

**મધમાખી પાલનથી વધારાની આવક તેમજ રોજગારીની તકો:**

- મધમાખી પાલન એ ઓછા રોકાણથી વધુ આવક મેળવવા માટેની ધંધાકીય પ્રવૃત્તિ છે. મધમાખી પાલન કોઇ પણ ઉંમરની વ્યક્તિ-બાળકો તેમજ સ્ત્રીઓ કરી શકે છે.
- મધમાખીપાલનથી ઉપરોક્ત જણાવેલ વિવિધ પેદાશોના ઉત્પાદન તેમજ વેચાણથી સારી આવક મેળવી શકાય છે. આ પેદાશોની જુદી જુદી બનાવટો દ્વારા પણ આવક મેળવી શકાય છે.
- મધમાખીપાલનને ખેતીના એક ઘટક તરીકે અપનાવવાથી ખેત ઉત્પાદનમાં પરાગનયનની પ્રક્રિયાથી ઘણો વધારો મેળવી શકાય છે.
- મધમાખીપાલક પોતાની મધ પેટીની સંખ્યા વધારીને, વધારાની મધ પેટીના વેચાણથી પણ સારી આવક મેળવી શકે છે. આ સિવાય મધમાખી પાલનમાં જરૂરી એવાં સાધનોના ઉત્પાદન તેમજ વેચાણથી સારી એવી આવક મેળવી શકાય છે.
- કામદાર (શ્રમિક) માખીઓના સમૂહ તેમજ રાનીના ઉત્પાદન અને વેચાણ થકી પણ આવક મેળવી શકાય છે.

## ગૌરવની મીઠી વાતઃ બનાસ ડેરીએ સ્વીટક્રાંતિમાં કરેલાં કાર્યોને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બિરદાવ્યાં



**બનાસ ડેરીમાં લોકાર્પણ થયેલી 'હની' લેબ ઉપયોગી સાબિત થશેઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી**

એશિયામાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરી બનાસ ડેરીએ વૈશ્વિક ઓળખ ઊભી કરી છે. શ્વેતક્રાંતિની જેમ ખેડૂતો સ્વીટક્રાંતિ તરફ પણ કામ કરે છે, માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના દિશાનિર્દેશ બાદ બનાસ ડેરીએ સ્વીટક્રાંતિ માટે કામ શરૂ કર્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આપેલા પથ પર બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠા જિલ્લામાં મધનું કામ શરૂ કરાવ્યું. આજે બનાસકાંઠા જિલ્લામાં બનાસ ડેરી સાથે ૬૦૦થી વધુ ખેડૂતોએ ખેતી અને દૂધના વ્યવસાય સાથે મધમાખી પાલનનું કામ તાલીમ મેળવીને શરૂ કર્યું છે, જેના કારણે ખેડૂતો દૂધની જેમ મધ ઉત્પાદન કરી આવક મેળવતા થયા છે.

બનાસ ડેરીએ તાજેતરમાં જ એક કરોડના ખર્ચે બાદરપુરા બનાસ સંકુલ ખાતે મધ ટેસ્ટિંગ લેબની શરૂઆત કરી છે. જે મધ ટેસ્ટિંગ પ્લાન્ટની શરૂઆતને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા બિરદાવવામાં આવી છે. તેમણે ટ્વિટરના માધ્યમથી બનાસ ડેરીના કામને બિરદાવતાં કહ્યું છે કે બનાસ ડેરી નવનિર્માણમાં હંમેશાં અગ્રેસર રહી છે. સ્વીટક્રાંતિમાં ભારતને મજબૂત બનાવવાની દિશામાં બનાસ ડેરીનું આ પગલું મહત્ત્વપૂર્ણ છે, જેને જોઈને ખૂબ આનંદ થયો. હની લેબ ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સ્વ.શ્રી ગલબાકાકાની ૧૦૦મી જયંતી પ્રસંગે ડીસા આવ્યા હતા, જે કાર્યક્રમમાં બનાસ ડેરીને શ્વેતક્રાંતિની જેમ સ્વીટક્રાંતિ માટે કામ કરવા માર્ગદર્શન આપ્યું હતું. જે બનાસ ડેરી અને બનાસના ખેડૂતોએ ઉપાડી આજે મધમાખી પાલનમાં ઉત્તમ કામ શરૂ કર્યું છે. વડાપ્રધાનશ્રી હંમેશાં નવી પ્રેરણા અને નવું કામ કરવાની શક્તિ આપે છે. આજે બનાસ ડેરીના મધ ઉત્પાદનમાં કરેલા કામને તેમણે ટ્વિટરના માધ્યમથી બિરદાવ્યું છે. તેમનું આ પ્રોત્સાહન બનાસ ડેરી તેમજ મધના વ્યવસાય સાથે જોડાયેલા ખેડૂતો માટે નવી શક્તિના સંચાર સ્વરૂપ છે. હું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો બનાસ પરિવાર વતી આભાર માનું છું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ટ્વિટરના માધ્યમથી બનાસ ડેરીની સ્વીટક્રાંતિને બિરદાવતા બનાસ ડેરીમાં મધમાખી પાલન સાથે જોડાયેલા ખેડૂતો તેમજ અધિકારી-કર્મચારીઓમાં આનંદની લાગણી છવાઈ છે.

# ચેરમેન શ્રી શંકરભાઈના શુભ હસ્તે થરાદ તાલુકાના રાહ ગામે નવનિર્મિત ઉમંગ મોલનો કરાયો શુભારંભ

## સહકારથી ખેડૂતો અને પશુપાલકોની સમૃદ્ધિમાં વધારો કરવા માટે બનાસ ડેરીનું એક નવું સાહસ એટલે ઉમંગ મોલઃ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી




ગ્રામજનોને જીવન જરૂરિયાતની વસ્તુઓ ઘરઆંગણે જ સરળતાથી મળી રહે એવી વ્યવસ્થાના ભાગરૂપે આજે બનાસ ડેરી દ્વારા થરાદ તાલુકાના રાહ ગામે નવનિર્મિત ઉમંગ મોલનો શુભારંભ કરાયો. પશુપાલકો, ખેડૂતો અને ગામમાં રહેનારા લોકોને જીવન જરૂરિયાતની શ્રેષ્ઠ ચીજવસ્તુઓ-સામગ્રી સસ્તા ભાવે તેમના ઘરઆંગણે જ આપવા અને એમના પૈસા એમની પાસે જ પરત આવે, સાથે બનાસકાંઠા જિલ્લાના ઉત્પાદનમાંથી બનતી વસ્તુઓ બનાસ ડેરીના નામ સાથે ઉમંગ મોલમાં જ પેકિંગ થઈ વેચાય એવા હકારાત્મક અભિગમ સાથે બનાસ ડેરીએ ઉમંગ મોલ ઊભા કરવાનું સાહસ કર્યું છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે થરાદ તાલુકાના રાહ ગામે નવનિર્મિત ઉમંગ મોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે ગામના લોકો માટે આ એક આધુનિક વ્યવસ્થા સાથેનો રૂરલ મોલ છે. સહકારથી ખેડૂતો અને પશુપાલકોની સમૃદ્ધિમાં વધારો કરવા માટે બનાસ ડેરીનું એક નવું સાહસ આ ‘ઉમંગ મોલ’ છે. ગ્રામજનોને બજારમાં મળતી તમામ વસ્તુઓ તેમના ઘરઆંગણે ઉપલબ્ધ કરવવાની સુદૃઢ વ્યવસ્થાના ભાગરૂપે બનાસ ડેરી દ્વારા આધુનિક વ્યવસ્થા ધરાવતા ઉમંગ મોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આગામી સમયમાં જિલ્લાનાં અન્ય ગામડાંઓમાં આ ઉમંગ મોલ શરૂ કરવાનું બનાસ ડેરીનું આયોજન છે. જ્યારે સ્વ. શ્રી ગલબાકાકાએ બનાસ ડેરીની શરૂઆત કરી ત્યારે તેઓએ કદાચ કલ્પના પણ નહિ કરી હોય કે એમણે રોપેલું બીજ આજે વિશાળ વટવૃક્ષ બનશે. આજે પશુપાલકો અને ખેડૂતોના જીવનને સરળ અને સમૃદ્ધ બનાવવા માટે બનાસ ડેરીએ દૂધ સિવાયના અન્ય કેટલાય વ્યવસાય અને વ્યવસ્થાની શરૂઆત કરી છે.






બનાસ ડેરીની ૫૩મી વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે ગામમાં વસતા પશુપાલક અને ખેડૂતોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથે અન્ય સામગ્રી લેવા માટે બજારમાં જવું ના પડે, તે માટે બનાસ ડેરી. એક એવી વ્યવસ્થા ઊભી કરશે કે જ્યાં ખેડૂતો અને પશુપાલકોને તેમના ઘરઆંગણે જ શ્રેષ્ઠ ગુણવત્તાવાળી તમામ વસ્તુઓ સસ્તા ભાવે અને ડિસ્કાઉન્ટ સાથે મળી રહેશે. આજે બનાસ ડેરી દ્વારા એ વ્યવસ્થા એટલે કે ‘ઉમંગ મોલ’ની શરૂઆત જિલ્લાના દરેક ગામની અંદર કરવામાં આવી છે. ‘ઉમંગ મોલ’ના શુભારંભ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે અગામી ૨૦-૨૫ વર્ષ પછી આ ‘ઉમંગ મોલ’ વિશાળ વટવૃક્ષમાં રૂપાંતરિત થઈ બનાસકાંઠા જિલ્લાની ઓળખ બનશે તેમજ બનાસકાંઠાના અર્થતંત્રને મજબૂત બનાવવામાં ડેરીએ જે રીતે મદદ કરી છે તેવી જ મોટી મદદ ભવિષ્યમાં આ ઉમંગ મોલ કરશે. આ સિવાય આ મોલ થકી બનાસકાંઠા જિલ્લાના ઉત્પાદનમાંથી બનતી વસ્તુઓ બનાસ ડેરીના નામ સાથે ઉમંગ મોલમાં જ પેકિંગ થઈ વેચાશે, જેનો ઘણો મોટો ફાયદો જિલ્લાના જ ખેડૂતો અને પશુપાલકોને મળશે. આ મોલ કે ડેરીમાં મળતી વસ્તુઓ બજાર કરતાં ઉચ્ચ ગુણવત્તાવાળી અને વાજબી ભાવે મળે છે, જે બહારની નહીં મળતી હોય અને કદાચ મળી તો પણ ત્યાં તેની કિંમત વધારે હશે. ખેડૂતો અને પશુપાલકોના કામમાં આવતી વસ્તુઓ જેવી કે દાતરડું, પાવડો, કોદાળી વગેરે મળશે. ઉમંગ મોલ બજારમાં જોવા મળતા આધુનિક મોલ જેવો જ છે, જ્યાં તમામ ચીજવસ્તુઓ ડિસ્કાઉન્ટ સાથે શ્રેષ્ઠ અને સસ્તા ભાવે મળશે તેમજ ગ્રાહકો માટે ડિજિટલ પેમેન્ટની વ્યવસ્થા પણ ઊભી કરાઈ છે. આને રૂરલ મોલ પણ કહી શકાય છે. આ મોલ દૂધ મંડળીઓ સાથે જોડાયેલા હશે, જેનો ફાયદો પશુપાલકોને થશે.

### ઉમંગ મોલની ખાસિયત અને ઉદ્દેશ્ય

- સહકારથી ખેડૂતો અને પશુપાલકોની સમૃદ્ધિમાં વધારો કરવા માટે બનાસ ડેરીનું એક નવું સાહસ એટલે ઉમંગ મોલ.
- ઉમંગ મોલ શરૂ કરવા પાછળનો હેતુ ખેડૂતો અને પશુપાલકોના સમય અને પૈસાની બચત કરી ઘરઆંગણે જ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવાનો છે.
- ભવિષ્યમાં આ ઉમંગ મોલ બનાસકાંઠાની ઓળખાણ બનશે અને જિલ્લાના અર્થતંત્રને મદદ કરશે.
- શહેરોમાં જોવા મળતા મોલ જેવા જ ઉમંગ મોલ બનાસ ડેરીએ ગ્રામ્ય વિસ્તાર ધાનેરા અને થાવરમાં શરૂ કર્યા.
- શ્રેષ્ઠ ચીજવસ્તુઓ સસ્તા ભાવે તેમજ ડિજિટલ પેમેન્ટ જેવી આધુનિક વ્યવસ્થાથી સજ્જ છે આ ઉમંગ મોલ.

આજે બનાસ ડેરી ગ્રામીણ બનાસકાંઠા અને એમાં વસતા લોકોનાં જીવનને સરળ અને સમૃદ્ધ બનાવવા માટે કટિબદ્ધ છે, એમાંનું એક સાહસ એટલે ઉમંગ મોલ. ઉમંગ મોલના આવવાથી હવે બનાસની વસ્તુ બનાસકાંઠામાં જ તૈયાર થઈને વાજબી ભાવે બનાસવાસીઓને મળતી થશે, પશુપાલકો અને ખેડૂતોને બજાર જવા માટે ભાડામાં ખર્ચાતા પૈસાની બચત થશે, સમયની બચત થશે, બજારમાં જોવા મળતી આધુનિક વ્યવસ્થાનો લાભ ગામમાં જ મળશે અને ગામના લોકો કેશલેસ વ્યવહાર કરતા થશે. શરૂઆતમાં બનાસ ડેરી દ્વારા ધાનેરા અને થાવરમાં ઉમંગ મોલ ઊભા કરવામાં આવ્યા છે, આગામી સમયમાં જિલ્લાનાં અન્ય સ્થળોએ પણ ઉમંગ શરૂ કરવાનું બનાસ ડેરીનું આયોજન છે. શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેલા ખેડૂતો, પશુપાલકો, ડેરીના સભ્યોએ આનંદ સાથે ઉમંગ મોલને આવકાર્યો હતો.

# બનાસ ડેરી સીડબોલ મહાઅભિયાન 3.0

## ઉત્સાહ, ઉમંગ અને ઊર્જા સાથે બનાસવાસીઓ જોડાયા સીડબોલ મહાઅભિયાનમાં



બનાસ ડેરીએ જિલ્લામાં વૃક્ષોની સંખ્યા વધારવા જનભાગીદારીમાં નવતર પ્રયોગ હાથ ધર્યો.

છાણના નાના દડા બનાવીને તેમાં વિવિધ વનસ્પતિઓનાં બીજ ગોઠવવામાં આવ્યાં.

સૂકો ભઠ્ઠ બનાસકાંઠા જિલ્લો લીલોછમ બને તે માટે છેલ્લાં ૭ વર્ષથી બનાસ ડેરીએ વૃક્ષારોપણનું મહાઅભિયાન હાથ ધર્યું છે. તે અંતર્ગત પર્વતો ઉપર વધુ વૃક્ષોનું વાવેતર થાય તે માટે બનાસ ડેરી દ્વારા ગામડાંઓમાં ૨૦ લાખ કરતાં પણ વધુ સીડબોલનું વાવેતર કરાયું હતું. હવે ચાલુ વર્ષે પણ બનાસ ડેરીએ લોકભાગીદારી સાથે સીડબોલ બનાવવાનું શરૂ કર્યું છે, જેમાં જિલ્લાભરનાં લોકો સાથ-સહકાર આપી રહ્યા છે.

ખેતી અને પશુપાલન માટે મુખ્ય સ્રોત પાણી છે. પાણી વિના ખેતી અને પશુપાલન થઈ શકે તેવી કોઈ શક્યતા નથી. એશિયાની સૌથી મોટી બનાસ ડેરી આગામી સમયમાં જિલ્લામાં પાણીની અછત ન સર્જાય અને જિલ્લો હરિયાળો બને તે માટે દર વર્ષે વૃક્ષારોપણ કરી લાખો વૃક્ષોનું વાવેતર કરે છે. બનાસકાંઠાના અરવલ્લીની ગિરિમાળામાં આવેલા પહાડો ઉપર વૃક્ષોની સંખ્યા ઘટી રહી છે, જેથી પહાડો ઉપર લીલોતરી ઘટી ગઈ છે, જેને લઈ પહાડો અને જંગલ વિસ્તારોમાં વધુ વૃક્ષોનું વાવેતર થઈ શકે તે માટે બનાસ ડેરી દ્વારા અનેક ગામોના લોકોના સહયોગ દ્વારા ગાય અને ભેંસના છાણ અને કાંપવાળી માટીમાંથી સીડબોલ બનાવાયા હતા. આ સીડસબોલમાં અલગ-અલગ પ્રકારનાં વૃક્ષોનાં બીજ મૂકી તેને પેક કરવામાં આવી રહ્યા છે, જે તમામ સીડબોલને પહાડો અને જંગલ વિસ્તારમાં અલગ-અલગ ટુકડીઓ બનાવી તેને ફેંકવામાં આવશે. સીડબોલ પર આગામી સમયમાં વરસાદ પડતાં જ સિડબોલની માટી ઢીલી થઈને તેમાં રહેલાં બીજ અંકુરિત થશે અને નવા છોડ સજીવન થશે. જેથી પહાડો હરિયાળા બનશે. પહાડો ઉપર લીલોતરી અને વૃક્ષોનું પ્રમાણ વધતાં આ વિસ્તારમાં વધારે વરસાદ પડશે અને પાણીનું સંકટ ઓછું થશે.



આ વિશે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે પહાડો ઉપર મોટા પાયે વૃક્ષારોપણ થાય તે માટે બનાસ ડેરી દ્વારા વર્ષ ૨૦૨૨માં ૨૦ લાખ સીડબોલ બનાવવામાં આવ્યા હતા, જે પહાડો ઉપર વાવેતર કરાયા હતા, જે વરસાદ આવતાં જ અંકુરિત પણ થયા હતા. છેલ્લા કેટલાય સમયથી જંગલ વિસ્તારમાં પણ જંગલી પ્રાણીઓને ખોરાક મળી રહે તે પ્રકારનાં વૃક્ષોની સંખ્યા ઘટી છે, જેને લઈ ખોરાકની શોધમાં જંગલી પ્રાણીઓ માનવ વસાહતમાં આવતાં અનેક લોકો ઉપર જંગલી પ્રાણીઓના હુમલાની પણ ઘટનાઓ બની રહી છે, જેને લઈ આવું ન થાય તેમજ જંગલ અને પહાડો હરિયાળા બને તે માટે બનાસ ડેરી સાથે મળી બનાસકાંઠાનાં અનેક ગામડાંઓના લોકો સીડબોલ બનાવી વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે માટેના પ્રયત્નો કરી રહ્યા છે. લોકોનું કહેવું છે કે વૃક્ષારોપણથી વરસાદની અનિયમિતતા ઓછી થશે અને જિલ્લો હરિયાળો બનશે. બનાસ ડેરી દ્વારા વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાયું છે, જેને લઈ અમે સીડબોલ બનાવી રહ્યા છીએ. બનાસકાંઠા જિલ્લામાં સૌથી મોટો પ્રશ્ન વરસાદની અછત અને ઊંડાં જતા ભૂગર્ભ જળ છે. જે વચ્ચે બનાસ ડેરીનું વૃક્ષારોપણ અને જળસંચય અભિયાન આગામી સમયમાં પાણીની તંગી દૂર કરશે તેમજ સૂકા ભઠ્ઠ વિસ્તારને લીલોછમ બનાવશે.



# બનાસની મીઠાશને વિશ્વભરમાં પ્રસરાવતો પ્લાન્ટ

## ચોકલેટ પ્લાન્ટ, બનાસ સંકુલ, સણાદર




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના શુભ હસ્તે માત્ર દોઢ વર્ષની અંદર બનાસ સંકુલ, સણાદરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં અલગ અલગ પ્રકારના પ્લાન્ટ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમાં એક ચોકલેટ પ્લાન્ટ પણ છે, જે બનાસકાંઠાના પશુપાલકોએ ભરાવેલા દૂધની મીઠાશને ચોકલેટના માધ્યમથી વિશ્વભરમાં પ્રસરાવે છે. બનાસ સંકુલ, સણાદર ખાતે આવેલ અમૂલ બિંદાઝ ચોકલેટ પ્લાન્ટની કુલ ક્ષમતા પ્રતિદિન ૬ મેટ્રિક ટન છે. ઉત્પાદન વર્ષ ૨૦૨૨ના ઓગસ્ટ મહિનામાં શરૂ થયું હતું ત્યારથી લઈને આજના સમયે (૧૫ મે, ૨૦૨૩) એ આ પ્લાન્ટનું કુલ ઉત્પાદન લગભગ ૩૨૨.૭૮ MT છે. અમૂલ બિંદાઝ ચોકલેટ (૧૨ ગ્રામ x ૭૫ ટુકડાઓ x ૬ જાર) અહીં વેફર શીટને ઇચ્છિત પરિમાણમાં કાપી અને તેને સંયોજન ચોકલેટ સાથે લેયર કરી બનાવવામાં આવે છે. અમૂલ મિલ્ક કમ્પાઉન્ડ ચોકલેટ બટનો મોગર ચોકલેટ પ્લાન્ટમાંથી પૂરા પાડવામાં આવે છે. **ક્રીમ વેફર શીટ્સઃ** કિસબીસ વેફર્સ અને યશીલ ફૂડ્સ દ્વારા સપ્લાય કરવામાં આવે છે.



# બટાકા પ્લાન્ટ

## બટાકાની ખેતી કરી ખેડૂતો સોનું ખરીદી શકે એ દિશામાં બનાસ ડેરી



આજે બનાસ ડેરી સંકુલ, દિયોદર ખાતે નવનિર્મિત પોટેટો પ્રોસેસિંગ પ્લાન્ટ અને પ્રોડક્ટ યુનિટનું ઉદ્‌ઘાટન માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા કરવામાં આવ્યું. બટાકાની નગરી બનાસકાંઠાના ખેડૂતોને બટાકાની ઉત્તમ કિંમત મળે અને વેલ્યૂ એડિશન થકી તેમની કમાણી બમણી થાય તે હેતુ સાથે આ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં પ્રતિદિવસ શુદ્ધ અને સ્વાદિષ્ટ એવી ફ્રેંચ ફ્રાઇઝ, બટાકા ટીક્કી, બટાકા વેજ, બર્ગર પેટીસ અને હેશ બ્રાઉન જેવી વિવિધ પ્રકારની ૪૮ ટન બટાકાની પ્રોડક્ટ્સ બને છે.

૧૯ એપ્રિલ, ૨૦૨૨ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના શુભ હસ્તે બટાટા પ્રોસેસિંગ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ફ્રેંચ ફ્રાઇઝની ક્ષમતા પ્રતિ કલાક ૨ MT છે અને પ્રતિદિવસની ૫૦ MT છે તેમજ સ્પેશ્યલ પ્રોડક્ટ્સ બનાવવાની ક્ષમતા પ્રતિકલાક ૧ મેટ્રિક ટન છે. મે-૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી બટાકાનું કુલ પ્રોડક્શન ૪,૬૮૧.૩૨ MT હતું. જ્યારે જાન્યુઆરી-૨૦૨૩ થી મે-૨૦૨૩ સુધી કુલ પ્રોડક્શન ૪,૧૪૭.૫૦ MT છે. આ બટાકા પ્લાન્ટની અંદર ૬ mm, ૭ mm and ૯ mmની ફ્રેંચ ફ્રાઇઝ બનાવવામાં આવે છે તેમજ ક્રીંકલ કટ ફ્રાઇઝ અને બટાકા વેજ બનાવવાની વ્યવસ્થા પણ છે. બટાટા પ્રોસેસિંગ પ્લાન્ટમાં હેશ બ્રાઉન, ફ્રેન્ચ ફ્રાઈઝ, પોટેટો ચિપ્સ, આલુ ટીક્કી, વેજ બર્ગર પેટીસ, વેજ સ્ટિક્સ, હેપીઝ વગેરે જેવા વિવિધ પ્રકારના પ્રોસેસ્ડ બટાટા ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે, જેમાંથી ઘણાની અન્ય દેશોમાં નિકાસ કરવામાં આવશે. ભારતમાં ગ્રામ્ય અર્થતંત્ર કેવી રીતે મજબૂત થઈ શકે, માતાઓ અને બહેનોનું સશક્તીકરણ, સહકારી ચળવળ કેવી રીતે આત્મનિર્ભર ભારત અભિયાનને બળ આપી શકે, આ બધું અહીં પ્રત્યક્ષ અનુભવી શકાય છે.



**બનાસ ડેરી સંકુલ, સણાદરની વિશેષતાઓ:**

નવભારત નિર્માણના પ્રણેતા અને વિકાસપુરુષ તથા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના શુભ હસ્તે દિયોદર તાલુકાના સણાદર ખાતે માત્ર દોઢ વર્ષની અંદર ૧૫૧ વીઘામાં નિર્માણ પામેલ બનાસ ડેરી સંકુલનું લોકાર્પણ કરવામાં આવ્યું. દિયોદર જેવા નાના તાલુકામાં બનાસ ડેરીનો પ્લાન્ટ બનવાથી ખેડૂતોની આવક બમણી કરવાનું મોદી સાહેબનું સ્વપ્ન સાકાર થઇ રહ્યું છે અને વિકાસયાત્રાને ગતિ મળી છે. બનાસકાંઠા જિલ્લામાં આર્થિક ઉન્નતિનાં દ્વાર ખૂલશે અને સકારાત્મક પરિવર્તન આવવા લાગ્યું છે.

આ સંકુલમાં પ્રતિદિવસ ૩૦ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ, ૮૦ ટન માખણ, ૧ લાખ લિટર આઈસક્રીમ, ૨૦ ટન માવા અને ૬ ટન ચોકલેટનું ઉત્પાદન કરવામાં આવશે, સાથે ભવિષ્યમાં આવશ્યકતા પ્રમાણે ૫૦ લાખ લિટર પ્રતિદિવસ દૂધનું સંવર્ધન કરી શકાય એ પ્રમાણે આ સંકુલનું વિસ્તૃતીકરણ કરવામાં આવ્યું છે.

- બનાસકાંઠા જિલ્લાના દિયોદર નજીકના સણાદર ખાતે ૧૫૧ વીઘામાં નિર્માણ પામેલ બનાસ ડેરી સંકુલ.
- બનાસ ડેરીના ચીઝ અને વ્હે પાવડર પ્લાન્ટનું વિસ્તૃતીકરણ, પાલનપુર, બનાસ ગોબર ગેસ પ્લાન્ટ અને બાયો સી.એન.જી. સ્ટેશન, દામા (ડીસા) અને ઈ-ખાતમુહૂર્તમાં નવીન ચાર ગોબર ગેસ પ્લાન્ટ-ખીમાણા, રતનપુરા (ભીલડી), રાધનપુર અને થાવર (ધાનેરા)નો સમાવેશ થાય છે.
- એક જ જિલ્લામાં બીજો મોટો અત્યાધુનિક ડેરી પ્લાન્ટ નિર્માણ પામ્યો.
- જૂન-૨૦૨૦માં ડેરીનું નિર્માણકાર્ય શરૂ થયું અને માત્ર ૧૮ મહિનાના ટૂંકા ગાળામાં સ્ટેટ ઓફ ધી આર્ટ ડેરી પ્લાન્ટ નિર્માણ પામ્યો.
- આ સંકુલમાં વિશ્વના જુદા જુદા સાત દેશોની મશીનરી લગાવાઈ છે
- આ પ્લાન્ટની ૩૦ લાખ લિટર પ્રતિદિનની દૂધની પ્રક્રિયા કરવાની ક્ષમતા છે, જે વધારીને ૫૦ લાખ લિટર પ્રતિદિન થઇ શકશે.
- પ્લાન્ટમાં ૧૦૦ ટન પ્રતિદિન બટર ઉત્પાદન ક્ષમતા, ૧ લાખ લિટર પ્રતિદિન આઈસક્રીમ પ્લાન્ટ, ૨૦ ટન પ્રતિદિન ખોવા તેમજ ૬ ટન પ્રતિદિન ચોકલેટ એન્રોબિંગ પ્લાન્ટની વ્યવસ્થા છે.
- ડેરી પ્લાન્ટની બાજુમાં આ સંકુલમાં જ ૪૮ ટન પ્રતિદિનની બટાકા પ્રોસેસિંગની ક્ષમતા પણ વિકસાવવામાં આવશે.
- બનાસ ડેરી સંકુલ, દિયોદરમાં સહકારી ક્ષેત્રમાં સૌ પ્રથમ વાર બનાસ કોમ્યુનિટી FM રેડિયો ૯૦.૪ સ્ટેશન ઊભું કરવામાં આવ્યું. જનપ્રિય અને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનાં કરકમળો દ્વારા બનાસડેરી સંકુલ, દિયોદર ખાતે નિર્માણ પામેલ બનાસ કોમ્યુનિટી રેડિયો સ્ટેશન (FM ૯૦.૦૪)નું લોકાર્પણ કરવામાં આવ્યું. રેડિયો સ્ટેશન બનવાના કારણે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને મનોરંજન સાથે પશુપાલન વ્યવસાય અને ખેતી અંગેની વૈજ્ઞાનિક-ટેક્નોલોજીની માહિતી તેમજ લોકશિક્ષણ મળતું થયું, જેની મદદથી તેઓ પોતાના વ્યવસાયને વિકસિત કરવા માટે સક્ષમ બન્યા છે. આ રેડિયો સ્ટેશન સાથે જિલ્લનાં ૧૭૦૦ ગામના ૫ લાખ ખેડૂત પરિવાર જોડાયા અને એક એપ્લિકેશન થકી વિશ્વના શ્રોતાઓ આને સાંભળે છે તેમજ સાથે જોડાઈ પણ શક્યા છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હસ્તે બનાસ ડેરી, પાલનપુર ખાતે કાર્યરત અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ બનાસ ચીઝ પ્લાન્ટ અને વ્હે પાવડર પ્લાન્ટ વિસ્તૃતીકરણનું ઈ-લોકાર્પણ કરાયું. બનાસ ચીઝ પ્લાન્ટમાં ઉત્પાદન થતી પ્રોસેસ્ડ ચીઝ, ડાઇસ ચીઝ, બ્લોક ચીઝ, ચેડર ચીઝ અને મોઝરેલા ચીઝની ક્ષમતા વધારવામાં આવી છે, સાથે વ્હે પાવડર પ્લાન્ટની ક્ષમતા બમણી કરવામાં આવી છે, જેના કારણે વધુ ગ્રાહકોને સારી ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ સારી કિંમત પર મળે છે અને પશુપાલકોને દૂધનો શ્રેષ્ઠ ભાવ પણ મળતો થયો છે.



# બનાસ ડેરીએ કરેલા નવા પ્રકલ્પો



- દિયોદર તાલુકાના નવા ગામને ૨૦૦ બાયોગેસ પ્લાન્ટથી સજ્જ કરાયું. દેશમાં સૌપ્રથમ ક્લસ્ટર આધારિત મોડલ સફળતાપૂર્વક સ્થાપિત કરવાનું આયોજન.
- બાદરપુરા ખાતે આધુનિક આટા પ્લાન્ટનું નિર્માણ કરાયું.
- ઉમંગ મોલની શરૂઆત કરાઈ.
- વારાણસી ખાતે બનાસ સંકુલનું કાર્ય નિર્માણાધીન.
- બનાસ ડેરી સંકુલ, સણાદરનું નિર્માણ, ચોકલેટ પ્લાન્ટ, બટાકા પ્લાન્ટ
- બાદરપુરા ખાતે અમૂલ ફૂડ લેન્ડનું નિર્માણ.
- બનાસ પશુ સારવાર એપ્લિકેશનની શરૂઆત કરાઇ.
- બનાસ ડેરીની તમામ કામગીરી કમ્પ્યૂટરાઈઝ કરાઇ.
- ખેતી અને દૂધ ભરાવવા ડ્રોન ટેક્નોલોજીની દિશામાં કામગીરી શરૂ કરાઇ.
- સૈનિક સ્કૂલનું નિર્માણ કરવાનું આયોજન
- વૃક્ષારોપણ, તળાવોનું નિર્માણ, જળશક્તિ અભિયાન, સીડબોલ અભિયાન, માટી બચાવો અભિયાન, વ્યસન મુક્તિ અભિયાન,
- બનાસના બટાકાનું વેલ્યૂ એડિશન પ્રોજેક્ટ એટલે કે બટાકાનું મૂલ્યવર્ધન કરી ખેડૂતોને વધારાની આવક પૂરી પાડી.
- બનાસના મધ પ્રોજેક્ટ અંતર્ગત દૂધની જેમ મધનું ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહન
- બનાસ ખાદ્યતેલ (ઓઈલ પ્રોજેક્ટ) અંતર્ગત બાદરપુરા સ્થિત બંધ મિલને ફરી શરૂ કરી તેલનું ઉત્પાદન શરૂ થયું.
- ગોબરધન પ્રોજેક્ટ અન્વયે વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાનો પ્રયોગ સફળ.
- બાયોગેસ અને સી.એન.જી. પંપની શરૂઆત, સૌર ઉર્જા દ્વારા વધુ આવક પ્રાપ્ત કરવાનો સોલર પ્રોજેક્ટ.


- જિનોમિક પસંદગી પ્રોજેક્ટ, બનાસ ડેરી સંકુલ, સણાદરનું નિર્માણ.
- કેટલફીડના વિસ્તૃતીકરણ પ્રોજેક્ટ અંતર્ગત કાતરવા કેટલફીડ પ્લાન્ટની ક્ષમતામાં ૨૦૦ મેટ્રિક ટન પ્રતિદિવસનો વધારો કરતાં ૨૦૦૦ મેટ્રિક ટન પ્રતિદિવસની ક્ષમતા થઇ.
- ટેક હોમ રાશન પ્લાન્ટ વડે કુપોષણ નાબૂદ કરવાનો સફળ પ્રયાસ.
- ખેડૂતોની માલિકીની દેશની પ્રથમ કોલેજ, બનાસ મેડિકલ કોલેજ, જેમાં બનાસ ડેરીના પશુપાલકોના સંતાનોને ફીમાં ૫૦ ટકા રાહત.
- ચીઝ પ્લાન્ટ, ફરીદાબાદ-કાનપુર અને લખનૌ ખાતે નવા ડેરી પ્લાન્ટ્સ કાર્યરત કરાયા.

- બનાસ ડેરી થકી લોકોના જીવનમાં આવેલ વિવિધ બદલાવ
- આર્થિક બદલાવ
- મહિલા સશક્તીકરણને પ્રોત્સાહન મળ્યું
- સમાજની ખરાબ માન્યતાઓ ખોટી સાબિત થઇ
- કુપોષણ ઘટ્યું
- જિલ્લો હરિયાળો બન્યો
- ખેડૂતોને સમય સર પાણી મળતું થયું
- ખેતી ક્ષેત્રે બદલાવ
- રોજગારી ઉત્પન્ન થઇ
- શિક્ષણ ક્ષેત્રે બદલાવ
- ઉત્કૃષ્ટ પશુધનમાં વધારો થયો

## ભવિષ્યનું આયોજન

ભવિષ્યના આયોજનની તૈયારી અત્યારથી કરી લેવી જોઈએ એવું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આપણને શિખવાડ્યું છે. એમણે બતાવેલા માર્ગ પર ચાલીને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પણ બનાસના પશુપાલકો તેમજ બનાસ ડેરીના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અનેક પ્લાનિંગ કર્યો છે, જે બનાસકાંઠાને એક નવી દિશા આપશે.

- બનાસ ડેરી એક એવા રોબોટની ટેક્નોલોજી અપનાવશે, જે ગોબર ઉઠાવશે અને એકઠું કરશે.
- બનાસ ડેરી ડ્રોન ટેક્નોલોજી વસાવશે, જેને પશુપાલક પોતાના ફોનથી હેન્ડલ કરશે અને ડ્રોનમાં દૂધ રાખીને દૂધ મંડળીએ ભરાવી શકશે.
- ગૌમૂત્ર પર રિસર્ચ કરી તેમાં વેલ્યૂ એડિશન કરી તેને માર્કેટમાં મૂકવામાં આવશે.
- એશિયાની અંદર સૌથી વિશાળ કેટલ ફીડ પ્લાન્ટનું નિર્માણ પાલનપુર તાલુકાની આજુબાજુમાં કરવામાં આવશે.




- મહિલાઓ માટે બનાસ મેડિકલ કોલેજ દ્વારા ગામડે ગામડે બ્લડ ચેકઅપની એક ડ્રાઇવ ચલાવવામાં આવશે.
- આધુનિક ક્લોનિંગ ટેક્નોલોજી અપનાવવામાં આવશે.
- એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીની મદદથી આશરે ૧૦ લાખ જેટલી દેશી કાંકરેજી ગાયોની સંતતિ પેદા કરવાનું લક્ષ્ય રખાયું.
- બનાસ ડેરી આગામી સમયમાં ભીલડીની અંદર ૨૫૦ વીઘા જમીનમાં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીની મદદથી કાંકરેજી ગાયોની સંતતિ પેદા કરવા માટેના સ્ટેશનનું નિર્માણ કરશે.
- બનાસકાંઠાના રણ વિસ્તારમાં સોલર પેનલ પાથરીને સમગ્ર ભારત દેશ માટે બનાસના રણને ઊર્જાનું કેન્દ્ર બનાવવામાં આવશે.

### બનાસ ડેરી થકી લોકોનાં જીવનમાં આવેલ વિવિધ બદલાવ

બનાસડેરીએ લોકોમાં આર્થિક-સામાજિક રીતે અને જીવન જીવવામાં મહત્ત્વપૂર્ણ બદલાવ લાવ્યો છે, જેના કારણે આજે તેઓ સૌ સ્વમાનભેર જીવન જીવતા થયા છે.

૧. **પશુપાલનના વ્યવસાયમાં વધારો:** લોકો ખેતી જ કરતા હતા પણ ક્યારેક વરસાદની અછત અથવા રોગચાળાના કારણે ખેતીમાં કમાણી થતી ન હતી, બનાસ ડેરીએ પશુપાલનનો વ્યવસાય કરવા પ્રોત્સાહિત કર્યા, જેમાં લોકોને વધુ ફાયદો થવા લાગ્યો. સમય પસાર થતાં લગભગ ૫ લાખથી વધુ લોકો પશુપાલનનો વ્યવસાય અપનાવીને પોતાનાં કિસ્મત બદલી રહ્યા છે.

૨. **આર્થિક બદલાવ:** જિલ્લાના લોકો પશુપાલન વ્યવસાય શરૂ કરીને દૂધ ઉત્પાદન કરતા થયા છે. તેઓ સૌ ડેરીમાં દૂધ ભરાવીને મહિને લાખોની કમાણી કરતા થયા છે. દૂધના વ્યવસાયમાં તેમને ખર્ચ ઓછો કરવો પડે છે અને વળતર સારું એવું મળે છે. જેના લીધે તેઓ દિવસે ને દિવસે આર્થિક રીતે વધુ ને વધુ મજબૂત બનતા જાય છે.

૩. **મહિલા સશક્તીકરણનું પ્રમાણ વધ્યું:** બનાસ ડેરી સાથે આશરે ૫ લાખથી પણ વધુ પરિવારો જોડાયેલા છે, જેમાં સૌથી વધારે સ્ત્રીઓ છે, જે પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલી છે. તેઓ આ વ્યવસાયમાં અઢળક પૈસા કમાઈને પોતાના પરિવારની દેખભાળ કરતી થઇ છે. આજે બનાસ ડેરી સાથે જોડાયેલી સ્ત્રીઓ ૧ કરોડ કરતાં પણ વધુ રૂપિયા કમાઈ રહી છે. આ રકમ એક નોકરી કરતી વ્યક્તિના પગારની રકમ કરતાં ૧૦ ગણી વધારે છે. કેટલીક સ્ત્રીઓ તો સાવ અભણ છે અને કેટલીક સ્ત્રીઓ તો ડિગ્રીઓ ધરાવે છે પણ નોકરી મૂકીને પશુપાલનનો વ્યવસાય કરતી થઇ છે. સ્ત્રીઓ આત્મનિર્ભર બની છે.

૪. **સમાજની ખરાબ માન્યતાઓ ખોટી સાબિત થઇ:** 'દુઃખ નોતું ને ડોબું વ્હોર્યું' પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા લોકોમાં આ કહેવત ખૂબ જાણીતી છે, પરંતુ બનાસકાંઠાની ગ્રામીણ મહિલાઓએ આ કહેવતને ઊલટી ઠેરવીને સાબિત કર્યું કે, 'સુખ નોતું એટલે ડોબું વ્હોર્યું'. એક સમય હતો જ્યારે પશુપાલન એ ખેતીનો પૂરક વ્યવસાય ગણાતો, પરંતુ આજે પૂર્ણ સમયનો સ્વતંત્ર વ્યવસાય બન્યો છે. કેટલાય પરિવારો દૂધના વ્યવસાયથી બે પાંદડે થયા છે. લાખો પરિવારો મહિલાઓની મહેનતથી આ દૂધના ઊજળા વ્યવસાયથી ઊજળા બન્યા છે. દૂધની આવકની ચમક તેમના ચહેરા પર દેખાય છે. એક સમયની રસોડાની રાણી હવે દૂધ મંડળીઓનો સ્વતંત્ર વહીવટ પણ કરવા લાગી છે. કામમાં પૂરી નિષ્ઠા અને દૂધ જેવા ચોખ્ખા વહીવટના કારણે મહિલા મંડળીઓએ સફળતાનાં શિખરો સર કરી કવિ મકરંદ દવેના શબ્દો 'સપનાં ઊગી નીકળે તો વાવ્યાં કહેવાય, નહીં તો દાટ્યાં કહેવાય' કહેવતને સાર્થક કરી છે. દૂધ ઉત્પાદન કરીને કરોડો સુધીની કમાણી કરતી બનાસકાંઠાની આ મહિલાઓ શ્વેતક્રાંતિ થકી મેદાન મારી રહી છે. મહિલાઓ પશુપાલન વ્યવસાય દ્વારા દર મહિને ૪-૭ લાખ સુધીની આવક મેળવે છે. જીવનમાં પૈસા અને નામ કમાવવા માટે મોટી ડિગ્રી અને લાયકાતની જરૂર પડે છે તેવી માન્યતાને આ મહિલાઓએ ખોટી પાડીને આજના ભણેલા-ગણેલા ડિગ્રીઓ ધરાવતા યુવાનોને

પ્રેરણા પૂરી પાડી છે, સાથે સાબિત કર્યું કે મહેનત અને ધગશ હોય તો વ્યક્તિ કોઈ પણ અશક્ય કામને શક્ય કરી શકે છે.

૫. **કુપોષણ ઘટ્યું:** બનાસ ડેરીએ સગર્ભા, ધાત્રી માતાઓ, કિશોરીઓ તથા બાળકોમાં કુપોષણની અસર જોઈ તેઓને તંદુરસ્ત બનાવવા અને જિલ્લાભરમાંથી કુપોષણને નાબૂદ કરવા ટેક હોમ રાશન પ્લાન્ટ શરૂ કરીને પોષણક્ષમ આહાર આપવાનું શરૂ કર્યું જેના થકી આજે જિલ્લા અને રાજ્યનાં અન્ય શહેરોમાં કુપોષણનું પ્રમાણ ઘટી રહ્યું છે.

૬. **જિલ્લો હરિયાળો બન્યો:** ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ કર્યો, જેના થકી જિલ્લાની અંદર વૃક્ષારોપણના કાર્યક્રમો દરેક ગામની અંદર યોજવામાં આવે છે. વૃક્ષોનું મહત્ત્વ સમજાવીને ગ્રામ્ય વિસ્તારમાં તે અંગેની જાગૃતતા લાવીને વૃક્ષો વાવવામાં આવી રહ્યા છે.

૭. **ખેડૂતોને સમયસર પાણી મળતું થયું:** બનાસ ડેરી દ્વારા બનાસ જળસંચય અભિયાન શરૂ કરીને પાણીના સંગ્રહ માટે બનાસકાંઠા જિલ્લાની અંદર અલગ અલગ જગ્યાઓ પર તળાવો ખોદવામાં આવ્યાં, જેની અંદર વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવે છે. તળાવોમાં પાણીનો સંગ્રહ થવાના કારણે પાણીનું સ્તર ઊંચું આવ્યું છે અને આજે ખેડૂતોને ખેતીમાં પાણી સમયસર મળતું થયું છે.

૮. **ખેતી ક્ષેત્રે બદલાવ:** બનાસ ડેરીએ ખેડૂતોની આવક બમણી કરવા માટે ખેડૂતોને પરંપરાગત ખેતી કરવાની જગ્યાએ આધુનિક રીતે અને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા માટે પ્રોત્સાહિત કર્યા. ખેડૂતોને ખેતીનાં સાધનોમાં અને આધુનિક તકનીક વસાવવા માટે આર્થિક રીતે સહાય કરી. તેઓને નવી નવી ખેતી કરવા પ્રોત્સાહિત કર્યા. દાડમની ખેતી કરવા માટે પ્રોત્સાહિત કર્યા અને તેઓને વિદેશ સુધી વેચવા માટે માર્ગદર્શન આપ્યું, જેના કારણે તેઓ આજે બમણી આવક મેળવતા થાય છે. તેઓમાં વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાની સમજણ આવી છે.

૯. **રોજગારી ઉત્પન્ન થઈ:** બનાસકાંઠા જિલ્લાના લોકો ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા છે, કારણ કે અહીંયાં કોઈ મોટી કંપનીઓ કે ઔદ્યોગિક વિસ્તાર નથી, જ્યાં લોકોને રોજગારી મળી શકે. બનાસ ડેરીએ આ જિલ્લામાં અલગ અલગ પ્લાન્ટ શરૂ કરીને સ્થાનિક લોકોને પ્લાન્ટની અંદર, દૂધ મંડળીઓ પર, ફીલ્ડ પર અને અનેક જગ્યાઓ પર રોજગારી આપી છે.

૧૦. **શિક્ષણ ક્ષેત્રે બદલાવ:** ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસકાંઠા જિલ્લામાં બનાસ મેડિકલ કોલેજની સ્થાપના થતાં શિક્ષણ ક્ષેત્રે બદલાવ આવ્યો છે, જેનો લાભ જિલ્લા અને બાજુના રાજ્યના લોકોને પણ મળતો થયો છે. તબીબી શિક્ષણ લેવા ઇચ્છતા યુવાનોને હવે બીજા રાજ્ય કે શહેરમાં જવાની જરૂર પડતી નથી. જિલ્લાની અંદર જ અને ઓછા ખર્ચે શ્રેષ્ઠ શિક્ષણ મળતું થયું છે.

૧૧. **ઉત્કૃષ્ટ પશુધનમાં વધારો થયો:** બનાસ ડેરી સાથે આશરે ૫ લાખથી વધુ પશુપાલકો જોડાયેલા છે, જેઓ દૂધ વેચીને પોતાનું જીવન ચલાવી રહ્યા છે. તેઓની આવક બમણી કરવા માટે બનાસ ડેરીએ બ્રીડિંગ થકી ઉત્કૃષ્ટ ઓલાદો વધારી છે, જેઓ દેશી ગાયો કરતાં વધુ પ્રમાણમાં દૂધ આપે છે. બનાસ ડેરી દ્વારા કરવામાં આવતા બ્રીડિંગ થકી આજે જિલ્લામાં વધુ દૂધ આપતી ઉત્કૃષ્ટ ઓલાદોમાં વધારો થયો છે, જે પશુપાલકો માટે આનંદની વાત છે.

આમ, બનાસ ડેરી દ્વારા અનેક મહત્ત્વનાં કામો કરવામાં આવી રહ્યાં છે, જેનાથી બનાસકાંઠા જિલ્લાના લોકોના જીવનમાં બદલાવ આવી રહ્યો છે અને જિલ્લાનો વિકાસ પણ થઇ રહ્યો છે, ખેડૂતોની આવક બમણી કરવાનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું સ્વપ્ત પણ પૂરું થઇ રહ્યું છે અને જિલ્લાની સ્ત્રીઓ દાતરડાના હાથે પોતાનું જીવન ચલાવતી થાય એવું બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાકાકાનું સ્વપ્ન પણ સાકાર થઇ રહ્યું છે.



## आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः
## સર્વ દિશામાંથી શુભ વિચાર આપણી તરફ આવે




**પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવું દેશ અને ખેડૂતોના હિત માટે વધુ મહત્ત્વપૂર્ણ છે: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**

જીવનમાં હંમેશાં સકારાત્મક કામ કરવું જોઈએ અને હકારાત્મક વિચારવું જોઈએ. જે આપણા માટે, પરિવાર માટે સમાજ માટે, દેશ માટે શ્રેષ્ઠ હોય તે કરવું જોઈએ, સાથે જ્યાં-જ્યાંથી શુભ વિચાર-પ્રેરણા મળે તેને અનુસરીને જીવનમાં સારું કરવાનો પ્રયાસ કરતાં રહેવું જોઈએ એટલે બનાસ ડેરી પણ સર્વ દિશામાંથી સારા વિચારોને ગ્રહણ કરી પોતાના પશુપાલકો-ખેડૂતો માટે સતત પ્રયાસ કરે છે, પ્રોત્સાહિત કરે છે અને સાથ-સહકાર પૂરો પાડે છે. જન્મ આપનારી માતા અને જન્મ પછી માતા તથા બાળકનું ભરણપોષણ કરવાવાળી ધરતી મા કરતાં વિશ્વમાં વધુ શ્રેષ્ઠ કોણ હોઈ શકે? અર્થવેદમાં કહેવામાં આવ્યું છે કે માતા ભૂમિ પુત્રોહ્મ પૃથિવ્યાઃ એટલે કે ધરતી આપણી માતા છે અને આપણે તેમના પુત્ર છીએ. અર્થવેદનો આ મંત્ર માતાના મહિમા સાથે જોડીને ધરતીનું ગૌરવ ગાય છે. આ પ્રતિષ્ઠિત પૃથ્વી માતા સાથે લોભ અને અજ્ઞાનતાના કારણે માણસનો વ્યવહાર હંમેશાં વિરુદ્ધ થઈ ગયો છે. વધારે ઉત્પાદનની લાલચમાં માણસે કૃત્રિમ ખાતર તથા જંતુનાશક દવાઓનો આંખ બંધ કરીને ઉપયોગ કર્યો અને ધરતી માતાને અનેક સમસ્યાઓથી હેરાન કરેલ છે. આ કૃત્રિમ ખાતર અને જંતુનાશક દવાઓના સતત ઉપયોગથી પણ જમીનની ઉત્પાદકતા વધી નહીં, પરંતુ ઉત્તરોત્તર ઘટતી ગઈ. આજના સમયમાં ખેતરમાં ઉત્પાદન વધારવા માટે માર્કેટની અંદર કેમિકલ ધરાવતાં કેટલાંય ખાતર ઉપલબ્ધ છે, જેને ખેડૂતો મોંઘા ભાવે ખરીદે છે અને પોતાના ખેતરમાં ઉપયોગ કરે છે. હવે આ મોંઘાં ખાતરો પાછળ કરેલો ખર્ચ ઉત્પાદનમાં વસૂલ ન થાય તો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ખેડૂતોની આવક બમણી કરવાનો જે સંકલ્પ કર્યો હતો, શું એ આ રસ્તાથી મેળવી શકાશે. પ્રાકૃતિક કૃષિ એટલે તર્કસંગત કૃષિ. પ્રકૃતિના નિયમોને જાણી, પ્રકૃતિને પોતાની રીતે વિકસિત થવામાં મદદરૂપ ખેતી. પ્રાકૃતિક કૃષિમાં પિયત વ્યવસ્થા આવા જ તર્ક અને તારણોથી ગોઠવવામાં આવી છે, જેથી સંશાધનોનો બચાવ પણ થાય અને ઉત્પાદન પણ વધે. ગુજરાતનો ખેડૂત હવે આધુનિક બન્યો છે અને સાથે-સાથે પ્રાકૃતિક ખેતીનું મહત્વ પણ સમજતો થયો છે. ગાય આધારિત ખેતી કરીને રસાયણોથી દૂર રહી કુદરતી પાકનું ઉત્પાદન કરીને તે સીધા ગ્રાહકો સુધી પહોંચાડી સારી એવી કમાણી કરવા સક્ષમ બન્યો છે.

# પ્રાકૃતિક ખેતીનો સ્વીકાર, આપે મબલક પાક



પ્રાકૃતિક ખેતીનું મોડલ વધુ ઉત્પાદન મેળવવામાં ખૂબ અસરકારક છે. પ્રાકૃતિક ખેતી થકી ઉત્પાદકતામાં વધારો થાય છે તેમજ ખાતરો અને દવાઓમાં થતો ખર્ચ પણ દૂર થાય છે. આ સાથે જમીનોની ફળદ્રુપતા અને ઓર્ગેનિક કાર્બનમાં વધારો થાય છે. જમીનની ભૌતિક સ્થિતિ સુધરવાથી વધુ ખેડની જરૂર પડતી નથી, ખેતરમાં વાવણી કરવાની હોય તો ફક્ત બે ખેડ કરવાથી જમીન વાવણી માટે તૈયાર થઈ જાય છે. જ્યારે રાસાયણિક પદ્ધતિથી ખેતી કરવામાં આવે છે તેવાં ખેતરોને વાવણીલાયક બનાવવા પાંચથી છ વખત ખેડ કરવી પડે છે, તેમ છતાં સારી રીતે જમીન તૈયાર થતી નથી, જેના કારણે ઉત્પાદન પર નકારાત્મક અસર પડે છે. પ્રાકૃતિક કૃષિથી પાણીની પણ બચત થાય છે. જમીનની પાણી સંગ્રહક્ષમતા વધે છે. જો વરસાદ ઓછો હોય તો પાણીની ઉપલબ્ધતા લાંબા સમય સુધી રહે છે. પાણી ભેજ, ઉષ્ણતામાન અને હવામાનની વિવિધતામાં અળસિયાં પણ કાર્યસ્થળ પર બદલતાં રહે છે, જ્યારે ઉપરના સ્તરમાં ખૂબ ભેજ અથવા ઊંચું કે ખૂબ નીચું ઉષ્ણતામાન હોય ત્યારે તે જમીનમાં ઊંડે જઈ પોતાનું કાર્ય કરે છે અને ૨૦ ફૂટ સુધી જમીનમાં સુંદર કરીને જમીનનાં નીચલાં સ્તરોને પણ ઉત્પાદક બનાવે છે. આવાં ખેતરોમાં વધુ વરસાદ પડવાથી જ્યારે પાણી ભરાય છે ત્યારે તેમાં પરપોટા દેખાય છે, પરંતુ આવું ત્યારે જ થાય છે જ્યારે જમીનનો વિકાસ પ્રાકૃતિક કૃષિ હેઠળ થયો હોય. આમ, ઘટતા જતા ભૂગર્ભજળ સ્તરને સુધારવા માટે પ્રાકૃતિક કૃષિ નોંધપાત્ર ફાળો આપી શકે છે.

ભવિષ્યનાં જોખમોને ધ્યાનમાં રાખીને પણ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની જરૂર છે. પ્રાકૃતિક ખેતીનો પ્રથમ સિદ્ધાંત એ છે કે છોડના નહીં પણ જમીનના આરોગ્યને મજબૂત બનાવવું. જમીન સ્વસ્થ થતાંની સાથે જ છોડ પોતે તંદુરસ્ત થઈ જાય છે. જો જમીનની તંદુરસ્તી મજબૂત હોય તો હવામાન અને વાતાવરણની વિવિધતા સાથે લડવામાં છોડ સક્ષમ બની જાય છે. તેથી જો આપણે ભારતીય ખેતીને ભાવિ વાતાવરણની સંભવિત પ્રતિકૂળ પરિસ્થિતિઓથી બચાવવા માગતા હોઈએ તો આપણે પ્રાકૃતિક ખેતીને અપનાવવી પડશે.

ખાનગી કંપનીઓ સજીવ ઉત્પાદનોના નામે ખેડૂતોને લૂંટી રહી છે. રાસાયણિક ખેતીમાં ખેડૂતને ખાતરો તથા દવાઓ ખરીદવા માટે પૈસા ખર્ચ કરવા પડે છે, પરંતુ પ્રાકૃતિક ખેતી એ કૃષિની એક એવી પદ્ધતિ છે, જેમાં ખેડૂતને એક પૈસાનું પણ ઉત્પાદન બજારમાંથી ખરીદવું પડતું નથી. આ માટે ફક્ત એક દેશી ગાયની જરૂરિયાત છે, એ ગાયના છાણ અને ગૌમૂત્રથી ૩૦ એકરની ખેતી શક્ય છે. ભારતમાં ૭૪ ટકા ખેડૂતો એવા છે, જે નાના અને





સીમાંત ખેડૂતો છે. તેમની પાસે આજીવિકા મેળવવાનાં સાધનો ખૂબ જ મર્યાદિત છે. તેઓને ક્યારેક ક્યારેક કુદરતી આફતનો માર પણ સહન કરવો પડે છે. જમીન અને ખેતરોમાં ઊગતા છોડની ઉત્પાદન ક્ષમતા ઘટી રહી છે એવામાં રોગ જીવાતનો ઉપગ્રહ પણ વધી રહ્યો છે. બાકી રહેલી કસર ખાતરો અને દવાઓથી કંપનીઓ કાઢે છે. આગામી સમયમાં ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે ઊભા છે. આવી પરિસ્થિતિમાં ખેડૂત તથા તેના પરિવાર માટે જીવંત રહેવું મુશ્કેલ છે. હવે ખેડૂતે પોતે પ્રવર્તમાન સ્થિતિ સમજીને આગળ આવવું પડશે અને તમામ પડકારોનો સામનો કરવો પડશે. આ બધું પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી જ શક્ય છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ખેડૂતોની આવક બમણી કરવાનું સ્વપ્ન સેવ્યું હતું. હવે આજના આધુનિક યુગમાં મોંઘા ભાવે રાસાયણિક ખાતરની મદદથી ઉત્પાદન કરવું એ પોસાતું નથી. કુદરતી હોનારતના કારણે ક્યારેક પૂરતો પાક પણ મળતો નથી. કેમિકલથી ભરપૂર ખાતરનો છંટકાવ કરવાથી પાક ઓર્ગેનિક પેદા થતો નથી, જેની અસર જન-જનના સ્વાસ્થ્ય પર પડે છે. જો આમ જ ચાલતું રહ્યું તો જમીન ફળદ્રુપ નહિ રહે, પાક ઝેરીલો પેદા થશે. ભવિષ્યમાં જમીનમાં પૂરતાં પોષકતત્ત્વોના અભાવના કારણે કદાચ પાક પેદા પણ ના થાય અને ખોરાકનો અભાવ પણ જોવા મળે. પ્રાકૃતિક ખેતી કરવાથી માનવજીવનને અઢળક ફાયદાઓ છે. પ્રાકૃતિક ખેતી કરવાથી ખેતીલાયક જમીન બચે છે. પ્રકૃતિનું સંરક્ષણ થાય છે. પોષકતત્ત્વોથી ભરપૂર અનાજ પેદા થાય છે, સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. આમ, પ્રાકૃતિક ખેતી કરવાના અનેક એવા ફાયદાઓ છે.



# ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહન પૂરું પાડતી બનાસ ડેરી



ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં ખેડૂતોને પ્રાકૃતિક માધ્યમથી ખેતી કરવા માટે પૂરતું પ્રોત્સાહન પૂરું પાડવામાં આવી રહ્યું છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ દોરવા માટે બનાસ ડેરી થકી પૂરતું માર્ગદર્શન આપવામાં આવે છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું કહેવું છે કે જો બનાસકાંઠાના ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થશે તો બનાસની ધરતી પોતાના ભાગ્ય પોતાના જ હાથે લખી શકશે. રાસાયણિક ખાતરોના આડેધડ અને વધુ ઉપયોગને લઈ ખેતીમાં ઉત્પાદન ઘટી રહ્યું હોવાની બૂમ પડી રહી છે, જેને લઈ ગુજરાતના કેટલાક ખેડૂતો ઓર્ગેનિક ખાતરો તરફ વળી રહ્યા છે. એક તબક્કે રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરવાથી ખેતરોમાં પ્રારંભમાં તો ઉત્પાદન સારું મળે છે, ત્યાર બાદ તેની આડઅસરો વધતી જતી હોવાથી ખેતરોમાં ઉત્પાદન ઘણું ઓછું મળતું થઈ જાય છે, પરિણામે ખેડૂત રાસાયણિક ખાતરોનો વધુ ઉપયોગ કરતો થઈ જાય છે. અંતે ખેતરોમાં આ રાસાયણિક ખાતરોની આડઅસર વધુ જોવા મળે છે. જો રાસાયણિક ખાતરની જગ્યાએ આર્ગેનિક ખાતરોનો ઉપયોગ કરવામાં આવે તો ખેતરોમાં ઉત્પાદન વધે તો છે જ, પરંતુ આ ખાતરોની ખેતરોમાં કોઈ આડઅસર થતી નથી. જિલ્લાનો ખેડૂત ઓર્ગેનિક ખેતી કરતો થાય એટલા માટે બનાસ ડેરીએ બનાસ બાયોગેસની શરૂઆત કરીને તેમાંથી ગોબરધન નામનું છાણિયું ખાતર ઉત્પન્ન કર્યું છે, જે સંપૂર્ણ કુદરતી અને ફોસ્ફરસયુક્ત છે. ખેતી કરવામાં સર્વ શ્રેષ્ઠ છે. ઘણાબધા ખેડૂતો આ ખાતરનો ઉપયોગ કરતા થયા છે અને પરિણામ પણ સારું મળ્યું છે. આ ગોબરધન બનાવવા પાછળનો મુખ્ય હેતુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય, આપણી ધરતીમાતાને બચાવવામાં પણ આપણે એક કદમ આગળ વધીએ. આ પ્રકારના પ્રયાસથી જ્યારે બનાસ ડેરીના માધ્યમથી સમગ્ર દેશમાં પહોંચીશું તો ચોક્કસપણે આપણી ગ્રામ્ય અર્થવ્યવસ્થા મજબૂત બનશે, ગામડા મજબૂત થશે, આપણી બહેનો અને દીકરીઓ સશક્ત બનશે.

ગુજરાતીમાં એક કહેવત છે અને તે દરેક ઘરમાં બોલવામાં આવે છે કે, "પાણી આવે તે પહેલાં પાળ બાંધો". પાણી પહેલાં બંધ બાંધો એવું અહીંયાં સૌ કોઈ કહે છે. આનો અર્થ એ છે કે ઈલાજ કરતાં પહેલાં પરેજી રાખવી બહેતર બની રહે છે. ખેતી સાથે જોડાયેલી સમસ્યાઓ વિકરાળ બની જાય તે પહેલાં મોટાં કદમ ઉઠાવવાનો આ સાચો સમય છે. આપણે આપણી ખેતીને રસાયણની લેબોરેટરીમાંથી બહાર કાઢીને નેચર એટલે કે પ્રકૃતિની પરીક્ષા સાથે જોડવી જ પડશે. જે તાકાત ખાતરમાં છે, ફર્ટિલાઇઝરમાં છે. જે તત્ત્વ બીજ પ્રકૃતિમાં પણ મોજૂદ છે. આપણે તો ઉપજશક્તિમાં વધારો કરે તેવા જીવાણુઓની માત્રા ધરતીમાં વધારવાની છે. તેના કારણે ઉપાયો મળી શકે છે કે જે પાકનું રક્ષણ પણ કરશે અને શક્તિ પણ વધારશે. બીજથી માંડીને માટી સુધી તમામનો ઈલાજ તમે પ્રાકૃતિક રીતે કરી શકો છો. આ ખેતીમાં ખાતરનો ખર્ચ કરવાનો નથી કે કીટનાશકોનો પણ ખર્ચ કરવાનો નથી, એમાં સિંચાઈની જરૂરિયાત ઓછી રહે છે અને તે પૂર તથા દુષ્કાળ સામે કામ પાર પાડવામાં પણ સક્ષમ છે. ઓછી સિંચાઈવાળી જમીન હોય કે પછી અધિક પાણી ધરાવતી ભૂમિ હોય, પ્રાકૃતિક ખેતીથી ખેડૂત વર્ષમાં અનેક પાક લઈ શકે છે, એટલું જ નહીં, જે ઘઉં, અનાજ, દાળ અથવા ખેતીના જે કોઈ પણ કચરા નીકળતા હોય છે, જે ફરાળ નીકળે છે તેનો પણ તેમાં સદુપયોગ કરી શકાય છે, આનો અર્થ એ કે ઓછો ખર્ચ વધુ નફો. આ જ તો છે પ્રાકૃતિક ખેતી.




**રાસાયણિક ખાતરના ઉપયોગથી થતી અસરો:**

- રાસાયણિક ખાતર પેટ્રોલિયમ પેદાશોમાંથી બનાવવામાં આવે છે. છોડને જરૂરી એવાં ૧૬ પોષક તત્ત્વોમાંથી માત્ર નાઇટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ પૂરો પાડે છે.
- જમીનમાંના ઉપયોગી સૂક્ષ્મજીવોના પોષણ માટે ૧૦ ટકા જેટલો આધાર પૂરો પાડે છે અને તે કેટલીક વખત હાનિકારક નિવડે છે.
- જમીનને સખત બનાવે છે અને ખેડમાં મુશ્કેલી ઊભી થાય છે.
- રાસાયણિક ખાતરના વધુ ઉપયોગથી જમીનમાંનાં પોષક તત્ત્વોના પ્રમાણમાં ઘટાડો થાય છે.
- રાસાયણિક ખાતરના ઉપયોગથી ખોરાકમાં વિષકારક રસાયણોની અસરો દિવસે દિવસે વધતી જાય છે.
- સ્વાદ, સુગંધ, કલર, મીઠાશ અને સંગ્રહ કરવાની ક્ષમતા ઘટાડે છે.
- જીવાત અને રોગોનો ઉપદ્રવ વધારે છે.
- ઊંચું તાપમાન અને સૂકું વાતાવરણ પાકમાં સુકારો અને બીજમાં વંધ્યત્વ લાવે છે અને પાક નિષ્ફળ નિવડે છે.

**ઓર્ગેનિક ખાતરના ઉપયોગથી થતા ફાયદા:**

- આર્ગેનિક ખાતર શાકભાજી ફળ, પ્રાણી-પક્ષી અને માછલીના અવશેષોમાંથી પ્રાપ્ત થતું ઉત્પાદન છે.
- છોડને જરૂરી એવાં બધાં જ પોષક તત્ત્વો અને સૂક્ષ્મ પોષક તત્ત્વો વત્તા-ઓછા પ્રમાણમાં પૂરાં પાડે છે.
- જમીનમાંના ઉપયોગી સૂક્ષ્મજીવોના પોષણ માટે આધાર પૂરો પાડે છે.
- જમીનમાં બંધારણ, સંરચના અને છીદ્રતા માટે ઓર્ગેનિક ખાતર જીવાદોરી સમાન છે, ખેડ સરળ બનાવે છે.
- ઓર્ગેનિક ખાતર જમીનમાંનાં પોષક તત્ત્વોને જાળવી રાખવાની અને પૂરાં પાડવાની ક્ષમતામાં હકારાત્મક અને ઉત્તરોત્તર વધારો કરે છે.
- વિષકારક રસાયણોનું વિઘટન કરી તેની હાનિકારક અસરોની માત્રામાં ઘટાડો કરે છે.
- ગુણવત્તામાં ઉત્તરોત્તર વધારો કરે છે.
- જીવાતોનો ઉપદ્રવ ઓછો કરે અને રોગને આવતો અટકાવે છે.
- પાકને પ્રતિકૂળ પરિસ્થિતિમાં ટકાવી રાખે, નિષ્ફળ જતો અટકાવે છે.
- વૈશ્વિક સ્તરે ઓર્ગેનિક ખાતરો દ્વારા તૈયાર થતી ખેતપેદાશોનું મહત્ત્વ અને માત્રા વધતી જાય છે.
- પર્યાવરણ હેતુલક્ષી કાર્ય કરે છે.

# બનાસકાંઠામાં 'મન કી બાત' કાર્યક્રમનો પશુપાલકોમાં જોવા મળ્યો અદમ્ય ઉત્સાહ

**'મન કી બાત'ના ૧૦૦મા એપિસોડનું બનાસ ડેરીની ૧૭૦૦થી વધુ ગ્રામીણ દૂધ મંડળીઓ પર પ્રસારણ યોજાયું**





વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા રેડિયો પર પ્રસારિત ૫મન કી બાત' કાર્યક્રમના ૧૦૦ એપિસોડ ૩૦ એપ્રિલ, ૨૦૨૩ના રોજ સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. દર મહિનાની અંતિમ તારીખે વડાપ્રધાનશ્રી રેડિયો પર 'મન કી બાત' કાર્યક્રમ થકી પોતાના મનની વાત રાષ્ટ્રને સંભળાવે છે તેમજ જનતા પાસેથી જરૂરી સૂચનો લઈને તે દિશામાં કામ કરવાની ખાતરી આપતા હોય છે ત્યારે દેશભરમાં 'મન કી બાત' કાર્યક્રમના ૧૦૦ એપિસોડની ઉજવણી કરવા અને એને ભવ્ય બનાવવા સંપૂર્ણ સજ્જ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બનાસ ડેરી સાથે લાખો પશુપાલકો અને ખેડૂતો સહભાગી બન્યા હતા.

૩ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ 'મન કી બાત કાર્યક્રમ'ની શરૂઆત થઈ ત્યારથી 'મન કી બાત' એ રાષ્ટ્રીય પરંપરા બની ગઈ છે, જેમાં યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દર મહિને રાષ્ટ્રને સંબોધિત કરે છે, જે લાખો લોકોને ભારતની વિકાસ યાત્રામાં ભાગ લેવા માટે પ્રેરિત કરે છે. આ કાર્યક્રમ એ વાતને સંપૂર્ણપણે પુરવાર કરે છે કે વડાપ્રધાનશ્રી ભારતના નાગરિકો સાથે તાલ મિલાવે છે, જેના થકી તેઓ દર મહિને રાષ્ટ્રની સિદ્ધિઓ, ચિંતાઓ, ખુશીઓ, ગર્વની ક્ષણો, નવા ભારત માટેનાં મંતવ્યો, સૂચનો અને સ્વપ્ના રજૂ કરે છે. 'મન કી બાત' એક એવું પ્લેટફોર્મ રહ્યું છે, જ્યાંથી અનેક મહત્ત્વપૂર્ણ અભિયાનો શરૂ થયાં છે. પ્રથમ 'મન કી બાત'થી જ, જ્યારે વડાપ્રધાનશ્રીએ સ્વચ્છ ભારત અભિયાનની ઘોષણા કરી હતી ત્યારે સંબોધનમાં લોકોને મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર પગલાં લેવા માટે વારંવાર પ્રેરણા આપી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ 'મન કી બાત' કાર્યક્રમમાં બનાસકાંઠાના પશુપાલકોના પરિશ્રમને બિરદાવ્યો છે, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં વેસ્ટમાંથી બેસ્ટ બનેલ બનાસ બાયો સી.એન.જી.ની પ્રશંસા કરી છે, શ્વેતક્રાંતિ સાથે સ્વીટક્રાંતિ માટે બનાસ ડેરીના કાર્યને બિરદાવ્યું છે.

'મન કી બાત' કાર્યક્રમના પ્રસારણમાં રાષ્ટ્ર નિર્માણમાં દેશના લોકો, નેતાઓ અને સરકાર દ્વારા કરેલા નોંધપાત્ર યોગદાનની પ્રશંસા કરવામાં આવે છે. સહભાગીઓમાં પરંપરાગત કલા, સંસ્કૃતિ અને હસ્તકલાને પ્રોત્સાહન, પર્યાવરણ સંરક્ષણ અને 'કોવિડ'ના સમયમાં રાષ્ટ્રને ટેકો આપનારા, વંચિત નાગરિકોને ટેકો આપનારા, પડકારોનો સામનો કરવા માટે નવીન ઉકેલો પ્રદાન કરનારા લોકો વગેરેનો સમાવેશ થાય છે. જે દેશના કરોડો યુવાઓમાં રાષ્ટ્ર માટે કંઈક કરવાની ભાવના પ્રગટ કરે છે. 'મન કી બાત'ની સફર વડાપ્રધાનશ્રી અને નાગરિકો વચ્ચે સીધા સંચારમાં નવા યુગની શરૂઆત કરવામાં પરિણમ્યો તે દર્શાવે છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી સાથે વડાપ્રધાન મોદીની ચાલી રહેલી વાતચીતનાં આકર્ષક પાસાંઓનું દસ્તાવેજીકરણ કરે છે, જેમાં સામાજિક, આર્થિક, પર્યાવરણીય, સાંસ્કૃતિક, આરોગ્ય અને ફિટનેસ મુદ્દાઓ જે આપણા રાષ્ટ્રના હૃદય સાથે પડઘો પાડે છે. બનાસ ડેરી સાથે જોડાયેલા લાખો પશુપાલકો આ કાર્યક્રમના શ્રોતાઓ છે, જેમના પર તેની અસર અંગે મળતી માહિતી મુજબ લોકોમાં રાષ્ટ્ર નિર્માણનાં કાર્યોમાં યોગદાન આપવાની ભાવના કેળવાઈ છે. આ સિવાય અમુક લોકોનું માનવું છે કે સરકાર પ્રત્યે તેમનું વલણ સકારાત્મક બન્યું છે. તે જ સમયે ૫૯ ટકા લોકોને લાગે છે કે સરકારમાં તેમનો વિશ્વાસ વધ્યો છે, જ્યારે અમુક ટકા લોકો સરકારના કામ અને દેશની પ્રગતિને લઈને આશાવાદી છે.



# મૃત્યુ બાદ મૃતદેહ તબીબી અભ્યાસ અર્થે બનાસ મેડિકલ કોલેજને દાન કરી સમાજમાં અનોખો દાખલો બેસાડતા ત્રણ પરિવાર

**શરીર જેટલું જીવિત અવસ્થામાં કામ લાગે છે એટલું જ મૃત અવસ્થામાં પણ ઉપયોગી નીવડે છે.: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**



૧) પાલનપુર તાલુકાના ટાકરવાડા ગામના રહેવાસી શ્રી ચૌધરી (ભુરિયા) રઘજીભાઈ મનજીભાઈનું અવસાન થયા બાદ એમના પરિવારે બનાસ મેડિકલ કોલેજ, મોરિયામાં મૃતદેહને દાન કરીને તબીબી શિક્ષણ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓને અભ્યાસ સંદર્ભે અને ભવિષ્યમાં સર્જાતી બીમારીઓ સામે ટકી રહેવા સંશોધન કરવામાં મહત્ત્વપૂર્ણ મદદ કરી છે. પરિવારે વૃદ્ધના અવસાન બાદ તેમના દેહનું દાન કરીને સમાજને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મૃત્યુ બાદ પણ પોતાની કાયા સમાજને ઉપયોગી બની રહે અને મેડિકલના વિદ્યાર્થીઓને માનવદેહના અભ્યાસમાં તેમની કાયા મદદરૂપ થશે.


૨) સમાજના હિતમાં ડીસાના એક પરિવારે દેહદાન અંગે જાગૃત બનીને એક કદમ આ દિશામાં આગળ વધતાં પોતાના ઘરના વડીલ સ્વ. ખાનાભાઈ હીરાભાઈ શ્રીમાળીના પવિત્ર દેહનું બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે દાન કરી શરીર જેટલું જીવિત અવસ્થામાં કામ લાગે છે એટલું જ મૃત અવસ્થામાં પણ ઉપયોગી નીવડે છે એનું ઉત્તમ ઉદાહરણ પાડ્યું છે.

દેહદાન ભવિષ્યમાં માનવજાતિને અલગ અલગ બીમારીઓથી બચાવવા માટે નવી નવી શોધ કરવામાં અને મેડિકલના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે મદદરૂપ બનશે.

૩) બનાસ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓના અભ્યાસ હેતુ દેહદાન કરતા, વાસણા ગોળિયા ગામના આગેવાન, પ્રથમ શિક્ષક સ્વ. શ્રી રણછોડજી તલસાજી સોલંકી (માળી) ને કોટિ કોટિ નમન. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે.

આવા ઉમદા વિચારનો અમલ કરી મનુષ્યજીવનને મદદ કરવા બદલ સ્વર્ગીયશ્રીના પરિવારનો વંદન સહ આભાર

# બનાસના પશુપાલકોએ પશુપાલન વ્યવસાયમાં અપનાવી હાઈ ટેક્નોલોજી





આપણા દેશમાં ખેતી પછી ખેડૂતોનો સૌથી લોકપ્રિય વ્યવસાય પશુપાલન છે. આપણો દેશ દૂધ ઉત્પાદનમાં વિશ્વમાં નંબર વન છે, પરંતુ પશુપાલન વ્યવસાયમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આપણે હજુ ઘણા પાછળ છીએ. વિશ્વના ઘણા વિકસિત દેશો પશુપાલનમાં આધુનિક સાધનોનો ઉપયોગ કરે છે. આપણે પશુપાલનમાં પણ હાઈટેક બનવાની જરૂર છે તો જ આપણે વધુ અને ગુણવત્તાયુક્ત દૂધનું ઉત્પાદન કરી શકીશું. આજે પશુપાલન માટે અનેક મશીનો આવ્યાં છે, જેમની મદદથી તમે પશુપાલન વ્યવસાયને સફળ બનાવી શકો છો. બનાસ ડેરી પશુપાલકોને ટેક્નોલોજીનો ઉપયોગ કરવા વારંવાર જણાવતી હોય છે અને પ્રોત્સાહન પૂરું પાડતી હોય છે. પશુઓને દોહવા માટે બનાસ ડેરી મિલ્કિંગ મશીનનો ઉપયોગ કરવા પશુપાલકોને પ્રોત્સાહિત કરે છે. આ મિલ્કિંગ મશીનના ઘણાબધા એવા ફાયદા છે, જેના લીધે દૂધ ઉત્પાદનમાં ફાયદો થઈ શકે છે.

મિલ્કિંગ મશીન એ કૃત્રિમ રીતે દૂધ કાઢવાનું આધુનિક મશીન છે. આ દ્વારા ગાય-ભેંસ વગેરે પ્રાણીઓનું દૂધ થોડીવારમાં કાઢી શકાય છે. આ મશીનથી ગાય-ભેંસ કે અન્ય પ્રાણીઓનું દૂધ કાઢવામાં ઘણી સગવડ છે. આ મશીન વડે પ્રાણીઓના ટીટ્સની માલિશ પણ કરવામાં આવે છે.

**મિલ્કિંગ મશીનના ફાયદાઓ:**

૧. આ મશીન શ્રમખર્ચ બચાવવામાં મદદ કરે છે.
૨. કુશળ કામદારો પર ઓછો નિર્ભર.
૩. મશીન થકી ઝડપી દૂધ દોહવાય છે.
૪. મિલ્કિંગ મશીનનો ઉપયોગ સ્વચ્છ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત દૂધ આપે છે.
૫. નિયમિત પદ્ધતિ કરતાં દૂધની માત્રામાં વધારો.
૬. દૂધની ગુણવત્તા અને ઉત્પાદન વધે છે.
૭. મશીન હાથથી દૂધ દોહવા કરતાં વધુ સુરક્ષિત છે કારણ કે તે ગાયોને નુકસાન પહોંચાડતાં નથી, કારણ કે ટીટ્સ રબર લાઈનર્સના સંપર્કમાં હોય છે, જેમાં નિયમિત પ્રક્રિયામાં આંગળીઓના નખ પશુઓના આંચળને નુકસાન પહોંચાડે છે.
૮. તે સ્તનપાનની પ્રક્રિયા દરમિયાન તણાવ ઘટાડવામાં મદદ કરે છે, જે એક સારી મિલ્કિંગ દિનચર્યા બનાવે છે.
૯. આનાથી પશુઓના આંચળને કોઈ નુકસાન થતું નથી.
૧૦. ઓછા ખર્ચ અને સમયની બચત થાય છે.
૧૧. દૂધમાં કોઈ પણ પ્રકારની ગંદકી આવતી નથી.
૧૨. દૂધ આપવાનાં મશીન પશુપાલકોનો ઘણો સમય બચાવે છે.